# અગ્નિવીર

અગ્નિપથ યોજના હેઠળ, ૧૭ વર્ષથી ૨૩ વર્ષની વયના લોકોને ચાર વર્ષ માટે તેમની પસંદગીની સૈન્ય સેવામાં ભરતી કરવામાં આવશે. આ કાર્યકાળ પછી, ૨૫% અગ્નિવીરોને સેવાઓમાં ચાલુ રાખવામાં આવશે અને બાકીના ૭૫%ને નાગરિક જીવનમાં પાછા ફરવાની મંજૂરી આપવામાં આવશે. ૪ વર્ષના આ સમયગાળા દરમિયાન, તેઓ ઘણી કુશળતા પ્રાપ્ત કરશે જે તેમને રોજગાર મેળવવામાં મદદ કરશે.

## વ્યક્તિગત નિપુણતા

- લોકોને મદદ કરવી તમને ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમે દેશની સેવા કરવા અને શૌર્ય પ્રદર્શિત કરવા માટે ઉત્સુક છો
- સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું તમને પસંદ છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૬,૦૦૦ થી ૧૦,૪૬,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.inની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.inની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. અગ્નિવીર યોજના દ્વારા પ્રવેશ મેળવવા માટે તમારી ઉંમર ઓછામાં ઓછી ૧૭ થી ૨૧ વર્ષની હોવી જરૂરી છે.

૩. ભારતીય સૈન્ય અગ્નિવીર ભરતી પરીક્ષાઓ (ઓનલાઈન કોમન એન્ટ્રન્સ ટેસ્ટ, ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ અને મેડિકલ ટેસ્ટ) પાસ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

એક અગ્નિવીર જવાનનું માસિક વેતન રૂ. ૩૦,૭૦૦ થી ૬૯,૧૦૦* જેટલું હોય છે.

સ્રોત:https://joinindiannavy.gov.in/en/page/pay-scale-of-agniveer-ssr-agniveer-mr.html#:~:text=The Indian Navy&text=Pay, Allowances and Allied Benefits,travel allowances will be paid.&text=Note:,Provident Fund of the Government

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ** : તમને ભારતીય નૌકાદળ, ભારતીય સૈન્ય, ભારતીય વાયુસેના હેઠળ બિન-કમીશ્ડ ઓફિસ તરીકે મૂકવામાં આવશે.

**કાર્યસ્થળનું વાતાવરણઃ** સામાન્ય રીતે અઠવાડિયામાં ૬ થી ૭ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાક ફરજ બજાવવાની હોય છે. શિફ્ટ સિસ્ટમ અમલમાં છે. તમારી પાસેથી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવાની અપેક્ષા રાખવામાં આવે છે. મોટા ભાગે બહારની કામગીરી કરવાની રહે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

પ્રાઈવેટ → કોર્પોરલ → સાર્જન્ટ → સાર્જન્ટ મેજર અથવા સીમેન → લીડીંગ સીમેન → પેટી ઓફિસર → ચીફ પેટી ઓફિસર **અથવા**

એરક્રાફ્ટમેન → લીડીંગ એરક્રાફ્ટમેન → સાર્જન્ટ → વોરંટ ઓફિસર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

અગ્નિવીર, અગ્નિપથઅગ્નવીર, અગ્નિવીર મેટ્રિક ભરતી

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આર્ટિલરી સેન્ટર, નાસિક**
**(તાલીમનો સમયગાળો : ૩૧ અઠવાડિયાં)**

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ